જીવનમાં પણ કેવી કેવી ક્ષણ આવે છે
કેવા-કેવા 'અથવા', 'કિંતુ', 'પણ' આવે છે!

ચહેરા પર ને આંખોમાં ફાગણ આવે છે
યાદ એની જ્યાં ઝૂકેલી પાંપણ આવે છે

મોટામોટા માણસ જ્યારે કામ ન આવે,
કામ મને ત્યાં માણસ સાધારણ આવે છે

જીવન લાગે જ્યારે જ્યારે લીલું-લીલું,
ત્યારે ત્યારે ક્યાંક કશેથી રણ આવે છે

આંખોને લાગે છે ત્યારે લિજ્જત જેવું,
જ્યારે જ્યારે યાદ મને બચપણ આવે છે

ખૂબ કઠિન છે ત્યાંથી આગળ પગલાં ભરવા,
જ્યારે રસ્તામાં એનું આંગણ આવે છે

કોઈ અચાનક આવી એનું નામ લે ત્યારે,
ડાબા ખૂણે કેમ મને ભારણ આવે છે?

તારણ કાઢ્યું પીડાઓનું જ્યારે જ્યારે,
કારણ થઈને કોઈ અંગત જણ આવે છે

ભૂલ કરી મેં 'ભૂલ છે એની' એવું બોલી-બોલીને
એથી કડવા ઘૂંટ ગળું છું કાયમ ઘોળી-ઘોળીને

એથી ફેંકી દીધા દોરા-ધાગા તોડી-તોડીને
થાક્યો છું હું જ્યાં ત્યાં જઈને શ્રીફળ ફોડી-ફોડીને

સમજણઆવી મારામાં તો ધ્યાન એ વાતે રાખું છું
જ્યારે બોલું જે પણ બોલું,બોલું તોલી-તોલીને

'તારાથી જે થાય કરી લે ડરવાનો હું સહેજ નથી'
કહી દીધું મેં પીડાઓને છાતી ઠોકી-ઠોકીને

હાથ બધે જોડી-જોડીને કશું હાથમાં આવ્યું નહિ
એથી મારા કામ કરું છું કાયમ દોડી-દોડીને

ગઝલ

મૂકીને ડાળ રેઢી, પંખી ઉડી ગયું છે
ખુશીઓ બધી જ વેડી, પંખી ઉડી ગયું છે

મૂકી ભરેલી થેલી, પંખી ઉડી ગયું છે
કારણ છે કોઈ ગેબી, પંખી ઉડી ગયું છે

ટૂંકો પ્રવાસ ખેડી, પંખી ઉડી ગયું છે
સૂની બની છે કેડી, પંખી ઉડી ગયું છે

મૂકી મકાન, મેડી, પંખી ઉડી ગયું છે
જીવંતતાને તેડી, પંખી ઉડી ગયું છે

દુનિયાને સાવ ઠેકી, પંખી ઉડી ગયું છે
તોડી તમામ બેડી, પંખી ઉડી ગયું છે

સ્મરણો બધા સમેટી, પંખી ઉડી ગયું છે
મૃત્યુંને આજ ભેટી, પંખી ઉડી ગયું છે

છોડીને લેતી-દેતી, પંખી ઉડી ગયું છે
કોરી કરીને સેંથી, પંખી ઉડી ગયું છે

નોખો જ દાવ ખેલી, પંખી ઉડી ગયું છે
સુની કરીને ડેલી, પંખી ઉડી ગયું છે

આંખોમાં લાવી હેલી, પંખી ઉડી ગયું છે
સ્પર્શો બધાજ તેડી, પંખી ઉડી ગયું છે

(એક મિત્રના આકસ્મિક મૃત્યુ સમયે લખાયેલી ગઝલ-૧)
(મુક્ત કાફિયા)

થોડુંક કરગરીને, પંખી ઉડી ગયું છે
ભીતર ઘણું ભરીને, પંખી ઉડી ગયું છે

કેવો જુલમ કરીને, પંખી ઉડી ગયું છે
નામ એનું કોતરીને, પંખી ઉડી ગયું છે

પીંછાઓ ખેરવીને, પંખી ઉડી ગયું છે
પીડાઓ પાથરીને, પંખી ઉડી ગયું છે

સપનું હતું કે દરિયો આખો તરી જવાશે
ખાબોચિયું તરીને, પંખી ઉડી ગયું છે

કેવું હશે અગોચર કારણ ઉડી જવાનું
કે સાવ થરથરીને, પંખી ઉડી ગયું છે

(એક મિત્રના આકસ્મિક મૃત્યુ સમયે લખાયેલી ગઝલ-૨)
(ચુસ્ત કાફિયા)

ભલેને જીવન સાવ કાઠું તેં દીધું,
છું આભારી કે જીવવાનું તેં દીધું

હજારોની સંખ્યામાં દીધી પીડાઓ,
ઉપરથી હૃદય સાવ પોચું તેં દીધું

નથી પહોંચવાનું કશે તે છતા પણ-
મરણ લગ સતત દોડવાનું તેં દીધું

હતો રસ્તો કાઠો અને રાત કાળી,
અને તેજ આંખોમાં ઝાંખું તેં દીધું

જરા હું હસ્યો ને મળી શાતા ત્યા તો-
ગજા બહારનું દર્દ પાછું તેં દીધું

મને ભીડ વચ્ચેય લાગે અટૂલું,
મને દર્દ કેવું અનોખું તેં દીધું